# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૩૦-A તા.૬-૭-૧૮

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- પ્રાર્થના સભામાં સ્વચ્છતા અંગે એક મિનીટ ફાળવવા બાબત.

સંદર્ભ :- ૧.સભમ/૧૦૨૦૧૮/૧૧૨૪/સ્વચ્છ ભારત મિશન,ગુજરાત,ગાંધીનગર,તા.૧૮-૬-૧૮
૨.હેલ્થ મધ્યસ્થ કચેરી,અ.મ્યુ.કો. ઈ.નં.૨૫૯૧/તા.૨૬-૬-૧૮નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, ભારત સરકારશ્રીના 'સ્વચ્છ ભારત મિશન' કાર્યક્રમ અંતર્ગત વિવિધ સ્વચ્છતાલક્ષી કામગીરી કરવામાં આવી રહેલ છે. સ્વચ્છ ભારત મિશન અર્બન અંતર્ગત સ્વચ્છતા અંગે જાગૃતિ માટે નાગરિકોના સ્વભાવમાં પરિવર્તન લાવવું ખૂબ જ અગત્યનું છે. જે માટે રાજયની તમામ સ્વરાજયની સંસ્થાઓમાં સ્વચ્છ ભારતની રચના એક 'જન આંદોલન'ના સ્વરૂપે કરવાનું થાય છે. સમાજમાં પરિવર્તન લાવવા માટે બાળકો ખુબ જ અગત્યનો ભાગ ભજવી શકે તેમ હોઈ બાળકોને સ્વચ્છતાનું મહત્વ અને તેની જરૂરિયાત સમજાય તે ખૂબ જ અગત્યનું છે.

ઉપરોકત બાબતે મિશન ડાયરેકટર (સ્વચ્છ ભારત મિશન,ગુજરાત)શ્રીના પરિપત્રમાં જણાવ્યા મુજબ સ્વચ્છતા માટે રાજયની તમામ શાળાઓમાં સવારની સભા દરમ્યાન 'એક મિનીટ સ્વચ્છતા માટે' ફાળવવામાં આવે, જેમાં સ્વચ્છતા માટેની પ્રતિજ્ઞા, કચરાના વર્ગીકરણ અને સ્વચ્છતાના મહત્વ વિશે વાત થાય અને બાળકોના માધ્યમથી સ્વચ્છતા સંદેશો દરેક ઘર, ઓફિસ અને સમાજના ખૂણે ખૂણે પહોંચે તે માટે મ્યુનિ. તમામ શાળાઓમાં ભારત સરકારશ્રીની સૂચના મુજબ સ્વચ્છતા માટે સવારની સભામાં સમય ફાળવવા માટેનું આયોજન કરવું.

ઉપરોકત વિગતને ધ્યાનમાં લઈ શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોમાં સ્વચ્છતા અંગેની સમજણ કેળવાય અને તેની અસર બાળકો સાથે સંકળાયેલ તમામ નાગરિકો સુધી પહોંચે અને અમદાવાદ શહેરને સ્વચ્છ અને હરીયાળુ બનાવવાના સંકલ્પને ચરિતાર્થ કરવા તમામ શાળાઓમાં સ્વચ્છતા સભા માટે જરૂરી સમય ફાળવી ઉપર જણાવ્યા મુજબનું આયોજન કરવું.

તા.૬-૭-૧૮

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर

# સ્વચ્છ ભારત મિશન અર્બન – ગુજરાત

બ્લોક નંબર ૧૪, ૩ જો માળ, કમિશનરશ્રી મ્યુનીસીપાલીટી એડમિનિસ્ટ્રેશન
જુના સચિવાલય, ગાંધીનગર. ફોન નં. ૦૭૯-૨૩૨૫૬૩૦૭
E-mail:- sbmu.gujarat@gmail.com

મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન


ક્રમાંક: સભમ/૧૦૨૦૧૮/ ૧૧૨૪/SBM cell

તા. ૧૮/૦૬/૨૦૧૮

પ્રતિ,

૧. મ્યુનીસીપલ કમિશ્નરશ્રી,(તમામ મહાનગરપાલિકાઓ)

૨. પ્રાદેશિક કમિશ્નરશ્રી, નગરપાલિકાઓ (તમામ ઝોન)

૩. નોડલ ઓફિસરશ્રી (તમામ મહાનગરપાલિકાઓ)

૪. મુખ્ય અધિકારીશ્રી (તમામ નગરપાલિકાઓ)

વિષય : શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો તા.૨૧ મેં ૨૦૧૮ નો પત્ર ક્રમાંક : SBM/૧૩૨૦૧૭/GOI/૧૦૦/થ-૧

સંદર્ભ : આવાસ અને શહેરી બાબતોના વિભાગના રાજ્ય મંત્રીશ્રીનો માંન, મુખ્ય મંત્રીશ્રી ગુજરાત રાજ્યને ઉદેશીને લખેલ તા.૧૫-૧-૨૦૧૮નો પત્ર ક્રમાંક ૨૫/૧૩/૨૦૧૬-SBMII

શ્રીમાન,

સ્વચ્છ ભારત મિશન અર્બન અંતર્ગત સ્વચ્છતા અંગે જાગૃતિ માટે નાગરિકોના સ્વભાવમાં પરિવર્તન લાવવું ખુબજ અગત્યનું છે. જે માટે રાજયની તમામ સ્વરાજ્યની સંસ્થાઓમાં સ્વચ્છ ભારતની રચના એક " જન આંદોલન "નાં સ્વરૂપે કરવાનું થાય છે. સમાજમાં પરિવર્તન લાવવા માટે બાળકો ખુબજ અગત્યનો ભાગ ભજવી શકે તેમ છે. જેથી સ્વચ્છતાનું મહત્વ અને તેની જરૂરીયાત સમજવી ખુજ અગત્યની છે.

સ્વચ્છતા માટે રાજ્યની તમામા શાળાઓમાં સવારની સભા દરમ્યાન " એક મિનીટ સ્વચ્છતા માટે" કાળવવામાં આવે જેમાં સ્વચ્છતા માટેની પ્રતિજ્ઞા, કચરાના વર્ગીકરણ અને સ્વચ્છતાના મહત્વ વિષે વાત થાય અને બાળકોના માધ્યમથી સ્વચ્છતા સંદેશો દરેક ઘર, ઓફીસ અને સમાજના ખૂણે ખૂણે પહોંચે તે માટે આપની મહાનગરપાલિકા/નગરપાલિકાની તમામ શાળામાં ભારત સરકારશ્રીની સુચના મુજબ સ્વચ્છતા માટે સવારની સભામાં સમય ફાળવવા માટેનું આયોજન કરવા અને તે મુજબ કાર્યવાહી કરવા વિનંતી છે.

બીડાણ : આવાસ અને શહેરી બાબતોના વિભાગનો તા.૧૫-૧-૨૦૧૮નો પત્ર ક્રમાંક ૨૫/૧૩/૨૦૧૬-SBMII

આપનો વિશ્વાસુ

મિશન ડાયરેક્ટર
સ્વચ્છ ભારત મિશન અર્બન -ગુજરાત

हरदीप एस पुरी
HARDEEP S PURI

मुख्यमंत्रीश्रीनुं कार्यालय
No. CMS/GOI/ 15
20 JAN 2018
68245

25/13/2016-SBM-II

सत्यमेव जयते

आवासन और शहरी कार्य
राज्य मंत्री (स्वतंत्र प्रभार)
भारत सरकार
MINISTER OF STATE(I/C)
HOUSING AND URBAN AFFAIRS
GOVERNMENT OF INDIA

15 January 2018

Dear Rupani jee,

Under the Swachh Bharat Mission - Urban, behaviour change is a critical area of focus in order to achieve objectives of a clean India. In the true spirit of a 'Jan Andolan', the Mission requires concerted efforts from every stakeholder in the country to make the collective dream of a "Swachh Bharat" a reality.

You would agree that children and youth are the most significant catalysts of change in a society. It would, therefore, be crucial to involve children in the Mission and inculcate in them the values and principles of 'swachhata', so that they in turn are able to carry forward these messages to the society at large.

In view of this, I request you to kindly instruct all schools in your state to devote time, preferably during the morning assembly or attendance, to "A minute for swachhata". It may be utilized to take the swachhata pledge or source segregation pledge, instruct students on simple 'swachhata' related actions that they can take in their homes, educate them on hygiene and sanitation, educate them regarding the harmful effects of littering, open defecation, open urination, etc.

एक कदम स्वच्छता की ओर

I am sure that this initiative will go a long way towards sensitizing children to the need for changes in how we perceive and handle our waste, and importance of adopting healthy sanitation practices, thereby making them agents of change in the society.

I look forward to your valuable support in making the Swachh Bharat Mission a success.

With best wishes,

Yours sincerely

(Hardeep S Puri)

Adv. copy to:
CS
PS (UDD)
PS (Pri & Sec Edu)

Shri Vijay Rupani
Hon'ble Chief Minister of Gujarat
3rd Floor Swarnim Sankul – 1
New Sachivalaya
Gandhinagar - 382 010
Gujarat

GOI to CM
19/5/18

GOI/100/Th-1
21/05/18

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૩૦-B તા.૬-૭-૧૮

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :-** **ડ્રોપ આઉટ ધરાવતી શાળાઓમાં આગામી બે વર્ષમાં ડ્રોપ આઉટ દરમાં સુધારો થાય તે માટે આયોજન કરવા બાબત.**

**સંદર્ભ :-** **પ્રાશિનિ/ડ્રોપ આઉટ/ પરિપત્ર/૨૦૧૮-૧૯/૧૮૪ તા.૦૨-૦૭-૧૮નો પત્ર.**

આથી મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, રાજ્યમાં ધો. ૧થી ૮ ધરાવતી શાળાઓમાં ડ્રોપ આઉટ દર ૫% કરતાં વધુ હોય તેવી શાળાઓનો સમાવેશ થયેલ હોઈ આવી શાળાઓએ આગામી બે વર્ષમાં ડ્રોપ આઉટ દરમાં સુધારો થાય તે માટે પ્રાથમિક શાળાઓમાં સંદર્ભિત પત્ર મુજબ આયોજન અને સૂચનાઓનું શબ્દસહઃ અમલ કરવાનો રહેશે. સામેલ પત્રક તમારા ઝોન ઓફિસે દર માસની પ્રથમ તારીખે બીટ સુપરવાઇઝરશ્રીને આપવાનું રહેશે. જેથી સમયસર સમગ્ર માહિતી આગળ મોકલી શકાય.

તા.૬-૭-૧૮

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

પત્રક : -

જિલ્લો: ........................ તાલુકો ................ માસ:................

| ક્રમ | તાલુકો | શાળાઓની સંખ્યા | કુલ વિદ્યાર્થીઓની સંખ્યા | ડ્રોપઆઉટ વિદ્યાર્થીઓની સંખ્યા | પુનઃપ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની સંખ્યા | કોલમ-૬ પૈકી શાળામાં હાજર બાળકોની સંખ્યા | બાકી રહેલ ડ્રોપઆઉટ બાળકોની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| | | | | | | | |
| કુલ | | | | | | | |